શ્રી ગણેશાય નમઃ

સુરત ડીસ્ટ્રીકટ, કામરેજ સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ ઉંભેળના રે.સ.નં.૪૬૧/૧, જેને એકત્રીકરણના કાયદા અન્વયે બ્લોક નંબર : ૫૯૯ થી નોંધાયેલી સુમારે હે.૦-૫૧ આરે-૧૩ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ મોટેની બિનખેતીની જમીન તથા મોજે ગામ ઉંભેળના બ્લોક નંબર : ૫૯૮/બ થી નોંધાયેલી સુમારે હે.૦-૦૬ આરે-૦૭ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન મળી કુલ્લે સુમારે ૫૭૨૦.૦૦ ચો.મી. યાને ૬૮૪૧.૧૨ ચો. વાર રહેણાંકના હેતુ માટે બીનખેતીની જમીન માં બાંધવામાં આવેલ ***" શરણમ રેસીડન્સી "*** નામથી ઓળખાતી ઇમારતમાં " ___ " બિલ્ડીંગમાં ___ ***માળે*** આવેલ ***ફ્લેટ નંબર :*** ______ જેનુ બિલ્ટઅપ એરીયા મુજબનુ ક્ષેત્રફળ ______ ***ચો.મી.*** છે તે ફ્લેટ તથા તેને લાગુ તમામ હક્કો સહીતની કુલ્લે દરોબસ્ત...

વેચાણ દસ્તાવેજ

વેચાણ અવેજ રૂા.	
સ્ટેમ્પ ડયુટી રૂા.	
દસ્તાવેજ અનુક્રમ નંબર :	
રજી. તારીખ :	
ઝોન	કામરેજ

પહેલા પક્ષના : શ્રી

બીજા પક્ષના : મે. સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી

ભરતભાઇ કે. મહેતા
વિમલ કે. મહેતા
એડવોકેટસ
ઠે. ઓફીસ નં. ૫/૬, પંચરત્ન ટાવર,
લંબે હનુમાનરોડ, સુરત.
ફોન નંબર : ૦૨૬૧-૨૫૬૫૪૬૦

-:: વેચાણ દસ્તાવેજ ::-

(રૂા. /-અંકે રૂપિયા પુરાનો)

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

સંવત ૨૦૭૧ ના ને વાર, તારીખ : માહે સને ૨૦૧૫ ના અંગ્રેજી દિને.....

આ વેચાણ દસ્તાવેજ કરાવી લઇ મિલકત ખરીદનાર :-

શ્રી (PAN :)

ઉ.આ.વ. : , ધંધો : ,

રહેવાસી :

"તે પહેલા પક્ષના"

(જેમને હવે પછી આ દસ્તાવેજમાં **"પહેલા પક્ષના"** અથવા તો "તમો" "તમો પહેલા પક્ષના" યા તો **"તમો ખરીદનાર"** યા તો "ખરીદનાર" વિગેરેથી સંબોધવામાં આવ્યાં છે. જે સંબોધનમાં મજકુર ખરીદનાર પહેલા પક્ષના પોતે તથા તેમના વંશવાલી, વારસો, એસાઇનીઓ, ટ્રાન્સફ્રીઓ, નોમીનીઓની વિગેરે તમામનો સમાવેશ સમજી લેવાનો છે.)

=: જોગલી :=

આ વેચાણ દસ્તાવેજ કરી આપનાર મિલકત વેચનાર :-

મે. સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ (PAN : ACLFS 1813 L) ઠે. સી-૮૦૪, ઋષિકેશ ટાઉનશીપ, નાના વરાછા, સુરત નામની ભાગીદારી પેઢીના વ.ક. ભાગીદાર

શ્રી ભરતભાઇ દુર્લભભાઇ ડાયાણી (PAN : AGVPD 7366 F)

ઉ.આ.વ. :- ૩૨, ધંધો :- વેપાર

રહેવાસી :- ૧૨૨, મમતાપાર્ક સોસાયટી-૧, વરાછા રોડ, સુરતના..

"તે બીજા પક્ષના"

(જેમને હવે પછી આ દસ્તાવેજમાં **"બીજા પક્ષના"** અથવા તો "અમો" "અમો બીજા પક્ષના" યા તો **"અમો વેચનાર"** વિગેરેથી સંબોધવામાં આવ્યાં છે. જે સંબોધનમાં મજકુર વેચનાર પેઢીના હાલના તથા વખતો-વખતના તમામ ભાગીદારો તથા તેમના વંશવાલી, વારસો, એસાઇનીઓ, ટ્રાન્સફ્રીઓ, નોમીનીઓ, કુલમુખત્યાર વિગેરે તમામનો સમાવેશ સમજી લેવાનો છે.)

જત આથી અમો બીજા પક્ષના આ વેચાણ દસ્તાવેજ લખી આપી કબુલ કરી જણાવીએ છીએ કે :-

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

સુરત ડીસ્ટ્રીકટ, કામરેજ સબ ડીસ્ટ્રીકટ મોજે ગામ ઉંભેળના રે.સ.નં.૪૬૧/૧, જેને એકત્રીકરણના કાયદા અન્વયે બ્લોક નંબર : ૫૯૯ થી નોંધાયેલી સુમારે હે.૦-૫૧ આરે-૧૩ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ મોટેની બિનખેતીની જમીન તથા મોજે ગામ ઉંભેળના બ્લોક નંબર : ૫૯૮/બ થી નોંધાયેલી સુમારે હે.૦-૦૬ આરે-૦૭ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન મળી કુલ્લે સુમારે ૫૭૨૦.૦૦ ચો.મી. યાને ૬૮૪૧.૧૨ ચો. વાર રહેણાંકના હેતુ માટે બીનખેતીની જમીન માં બાંધવામાં આવેલ " ***શરણમ રેસીડન્સી*** " નામથી ઓળખાતી ઇમારતમાં " ___ " બિલ્ડીંગમાં ____ ***માળે*** આવેલ ***ફ્લેટ નંબર :*** ______ જેનુ બિલ્ટઅપ એરીયા મુજબનુ ક્ષેત્રફળ ______ ***ચો.મી.*** છે તે ફ્લેટ તથા તેને લાગુ તમામ હક્કો સહીતની કુલ્લે દરોબસ્ત, જેની વધુ વિગત અને વર્ણન નીચે શીડયુલમાં કરવામાં આવેલ છે તે મિલકત અમારી સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી, કબજા ભોગવટાની હોવાનું જણાવી તમો પહેલા પક્ષનાને ***રૂા.***_________ ***/- અંકે રૂપિયા*** ______

_____ ***પુરાના*** કિંમતી અવેજ બદલ વેચાણથી તબદીલ કરવાનું નક્કી કરેલ છે. જેનો આ વેચાણ દસ્તાવેજ તમો પહેલા પક્ષનાના લાભમાં અમો બીજા પક્ષનાએ કરી આપેલ છે સહી.

<u>આ વેચાણ દસ્તાવેજનાં લેખથી વેચાણ આપેલ મિલકતનાં ટાઇટલની હકીકત એવી છે કે :-</u>

સદરહુ મોજે ગામ ઉંભેળના રે.સ.નં. ૪૬૧/૧, બ્લોક નંબર ૫૯૯ વાળી જમીન મુળથી એ. કુ.વ.ક. છીતુભાઇ પરભુભાઇના નામે રેવન્યુ રેકર્ડમાં ચાલી આવેલી. ત્યારબાદ, એ. કુ.વ.ક. છીતુભાઇ પરભુભાઇની તમામ જમીનો અંગે વહેંચણ થતા, સદરહુ જમીન છીતુભાઇ પરભુભાઇના હિસ્સે આવલી. જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૬૬૭, તારીખ : ૨૦/૦૨/૧૯૭૦ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. સબબ, સદરહુ જમીનના માલિક, મુખત્યાર અને કબજેદાર છીતુભાઇ પરભુભાઇ થયેલા.

સદરહુ મોજે ગામ ઉંભેળને એકત્રીકરણ યોજના લાગુ પડતા, સદરહુ રે.સ.નં. ૪૬૧/૧ જમીનને બ્લોક નંબર ૫૯૯ ફાળવવામાં આવેલો. જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૯૦૩, તારીખ : ૨૦/૦૨/૧૯૭૩ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

સદરહુ મોજે ગામ ઉંભેળના રે.સ.નં.૪૬૧/૧, બ્લોક નંબર ૫૯૯ વાળી જમીનના માલિક છીતુભાઇ પરભુભાઇએ સદરહુ જમીન અંગે બીનખેતીની પરવાનગી મેળવવા અરજ ગુજારતા, મે. તાલુકા વિકાસ અધિકારી સાહેબ, કામરેજનાએ તેમના હુકમ ક્રમાંક : તા.પ./એન.એ.રજી નં.૧૮/વશી/૨૫૮૭-૯૫/૯૮, તારીખ : ૨૯/૦૯/૯૮ થી હુકમ કરી, સદરહુ જમીનને બીનખેતીમાં તબદીલ કરેલી. જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક નમુના નંબર ૬ માં નોંધ નંબર ૩૪૭૬, તારીખ : ૨૯/૦૯/૧૯૯૮ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

સદરહુ મોજે ગામ ઉંભેળના રેસ.નં. ૪૬૧/૧, બ્લોક નંબર ૫૯૯ વાળી જમીનના માલિક છીતુભાઇ પરભુભાઇનાએ સદરહુ જમીનના રેકર્ડ ઓફ રાઇટસમાં તેમની પત્ની ઇન્દુબેન છીતુભાઇનુ નામ સામાયિકપણામાં દાખલ કરાવેલુ. જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૪૧૭૮, તા. ૧૨/૧૦/૨૦૦૨ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. સબબ, સદરહુ જમીનના માલિક, મુખત્યાર અને કબજેદાર (૧) છીતુભાઇ પરભુભાઇ (૨) ઇન્દુબેન છીતુભાઇ થયેલા.

સદરહુ મોજે ગામ ઉંભેળ ના રે.સ.નં. ૪૬૧/૧, બ્લોક નંબર ૫૯૯ વાળી જમીન (૧) સંજયકુમાર હસમુખલાલ તમાકુવાલા અને (૨) વિનોદચંદ્ર બાબુભાઇ ભગતે તેના માલિકો (૧) છીતુભાઇ પરભુભાઇ, (૨) ઇન્દુબેન છીતુભાઇ (૩) ભરતભાઇ છીતુભાઇ (૪) ભુપેન્દ્રભાઇ છીતુભાઇ તથા (૫) વિજયભાઇ છીતુભાઇ કનેથી કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ લીધેલી. જે વેચાણ દસ્તાવેજ મે. કામરેજના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનુક્રમ નંબર ૩૦૮૯, તારીખ : ૨૭/૦૪/૨૦૦૬ થી નોંધાયેલો. જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૪૬૫૫, તારીખ : ૨૯/૦૭/૨૦૦૬ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

સદરહું મોજે ગામ ઉંભેળ ના રે.સ.નં. ૪૬૧/૧ વાળી સુમારે એકર ૧-૧૦ ગુંઠા જમીનના મુળ માલીક, મગનલાલ કુંવરજીભાઇ પટેલ કરીને હતા, તેઓ કનેથી સદરહું મોજે ગામ ઉંભેળ ના રે.સ.નં. ૪૬૧/૧ વાળી સુમારે એકર ૧-૧૦ ગુંઠા જમીન પૈકી એકર ૦-૬ ગુંઠા જમીન કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ છીતુભાઇ પરભુભાઇએ વેચાણ લીધેલી. જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૫૯૨, તા.

૨૫/૦૭/૧૯૬૭ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. સબબ, સદરહું મોજે ગામ ઉંભેળ ના રે.સ.નં. ૪૬૧/૧ વાળી સુમારે એકર ૧-૧૦ ગુંઠા જમીન પૈકીની એકર ૦-૬ ગુંઠા જમીનના માલીક, મુખત્યાર અને કબજેદાર છીતુભાઇ પરભુભાઇ થયેલા.

સદરહુ મોજે ગામ ઉંભેળને એકત્રીકરણ યોજના લાગુ પડતા, સદરહુ મોજે ગામ ઉંભેળ ના રે.સ.નં. ૪૬૧/૧ વાળી સુમારે એકર ૧-૧૦ ગુંઠા જમીનને બ્લોક નં. ૫૯૮ ફાળવવામાં આવેલો. જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૯૦૩, તારીખ : ૨૦/૦૨/૧૯૭૩ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

સદરહું બ્લોક નં. ૫૯૮ પૈકીની ૬૦૭ ચો.મી. જમીન તથા તેને લાગુ બ્લોક નં. ૫૯૯ વાળી સુમારે ૫૧૧૩ ચો.મી. જમીન છીતુભાઇ પરભુભાઇની માલીકીની ચાલી આવેલી હોઇ, સદરહું બન્ને જમીન અંગે એમાલગમેશનનો હુકમ મદદનીશ નગર નિયોજક સાહેબ, શહેરી વિકાસ સત્તા મંડળ, સુરતનાએ તેમના હુકમ ક્રમાંકઃ સુડા/વિપઅ/યુ.૪/૩૧૭૪/અબ/૪૮૯૧, તા. ૦૩/૧૦/૧૯૯૭ થી એમાલગમેશન મંજુર રાખેલ છે.

સદરહું બ્લોક નં. ૫૯૮ પૈકીની ૬૦૭ ચો.મી. જમીનના માલીક છીતુભાઇ પરભુભાઇ વિગેરેએ સદરહું જમીન અંગે વિકાસ પરવાનગી મેળવવા અરજ ગુજારતા, મે. મદદનીશ નગર નિયોજક સાહેબ, સુરત શહેરી વિકાસસત્તા મંડળ, સુરતનાએ તેમના હુકમ ક્રમાંકઃ સુડા/વિપઅ/યુ.૪/૫૦૯૨-અ-બ-ક/૧૦૮૬, તા. ૦૯/૦૨/૨૦૦૪ પ્લાન મંજુર કરી, વિકાસ પરવાનગી આપેલી. તેમજ મે. સચીવશ્રી, જીલ્લા વિકાસ અધિકારી સાહેબ, સુરતનાએ તેમજ હુકમ ક્રમાંક : ૪/ડી.પી./એન.એ./રજી નં. ૪૧૩/૨૦૦૬, તા.૧૫/૦૫/૨૦૦૬ થી હુકમ કરી, બીનખેતીની પરવાનગી આપેલ છે.

સબબ, સદરહું બ્લોક નં. ૫૯૮ પૈકીની ૬૦૭ ચો.મી. જમીન (૧) સંજયકુમાર હસમુખલાલ તમાકુવાલા અને (૨) વિનોદચંદ્ર બાબુભાઇ ભગતે તેના માલીક છીતુભાઇ પરભુભાઇ કનેથી કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ લીધેલી. જે વેચાણ દસ્તાવેજ મે. કામરેજના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનુક્રમ નંબર : ૪૦૧૭ તા. ૨૫/૦૭/૨૦૦૬ થી નોંધાયેલો જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૪૮૭૨, તારીખ : ૧૩/૦૫/૨૦૦૮ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી. સબબ, સદરહું જમીનના માલીક, મુખત્યાર અને કબજેદાર (૧)

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

સંજયકુમાર હસમુખલાલ તમાકુવાલા અને (૨) વિનોદચંદ્ર બાબુભાઇ ભગત થયેલા.

ત્યારબાદ, સદરહું બ્લોક નં. ૫૯૮ વાળી જમીન અંગે જીલ્લા ઇન્સ્પેક્ટરશ્રી, જમીન રેકર્ડ, સુરતના પત્ર નં. કે.જે.પી./એસ.આર./૩૨/૦૮, તા.૩૦/૧૨/૨૦૦૮ થી દુરસ્તી પત્ર નં. ૧૮ નો અમલ કરવામાં આવતા, (૧) સંજયકુમાર હસમુખલાલ તમાકુવાલા અને (૨) વિનોદચંદ્ર બાબુભાઇ ભગતની માલીકીની જમીનને બ્લોક નં. ૫૯૮/બ ફાળવવામાં આવેલો. જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૪૯૭૧, તારીખ : ૦૬/૦૩/૨૦૦૯ ના રોજ નોંધાયેલી અને પ્રમાણિત થયેલી.

ત્યારબાદ, સદરહું બ્લોક નં. ૫૯૮ પૈકીની ૬૦૭ ચો.મી. જમીન તથા બ્લોક નં. ૫૯૯ વાળી સુમારે ૫૧૧૩ ચો.મી. જમીન મળી કુલ્લે સુમારે ૫૭૨૦ ચો.મી. જમીન અંગે તેના માલીકો (૧) સંજયકુમાર હસમુખલાલ તમાકુવાલા અને (૨) વિનોદચંદ્ર બાબુભાઇ ભગતે રીવાઇઝડ વિકાસ પરવાનગી મેળવવા અરજ ગુજારતા, મે. પ્રવર નગર નિયોજક સાહેબ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરતનાએ તેમના હુકમ ક્રમાંકઃ સુડા/યુ.૪/વિપઅ/૭૬૧૧-અ થી ડ/૯૫૬, તા. ૧૭/૦૩/૨૦૧૦ થી પ્લાન મંજુર કરી, વિકાસ પરવાનગી આપેલી. ત્યારબાદ સુરત શહરી વિકાસ સત્તા મંડળ સુરતનાએ તેમના હુકમ નંબર સુડા/યુ-૪/વિપઅ-૭૬૧૧ રીવા.૮૯૧૯-અ/૫૯૮૪, તારીખ : ૦૫/૦૭/૨૦૧૪ થી રીવાઇઝડ પ્લાન મંજુર કરેલ.

આમ સદરહુ બ્લોક નં. ૫૯૯ થી નોંધાયેલી સુમારે હે.-આરે-ચો.મી. ૦-૫૧-૧૩ યાને ૫૧૧૩ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન તથા બ્લોક નં. ૫૯૮/બ થી નોંધાયેલી સુમારે હે.-આરે-ચો.મી. ૦-૦૬-૦૭ યાને ૬૦૭ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન મળી કુલ્લે ક્ષેત્રફળ ૫૭૨૦.૦૦ ચો.મી. ધરાવતી બિનખેતીની જમીનના માલિક શ્રી સંજયકુમાર હસમુખલાલ તમાકુવાલા તથા શ્રી વિનોદચંદ્ર બાબુભાઇ ભગત થયેલા.

ત્યારબાદ, સદરહું બ્લોક નં. ૫૯૮/બ પૈકીની ૬૦૭ ચો.મી. જમીન તથા બ્લોક નં. ૫૯૯ વાળી સુમારે ૫૧૧૩ ચો.મી. જમીન મળી કુલ્લે સુમારે ૫૭૨૦ ચો.મી. જમીન મે. રાધે લેન્ડ ડેવલોપર્સે તેના માલીકો (૧) સંજયકુમાર હસમુખલાલ તમાકુવાલા અને (૨) વિનોદચંદ્ર બાબુભાઇ ભગત કનેથી કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની રૂએ વેચાણ લીધેલી. જે વેચાણ દસ્તાવેજ મે. કામરેજના સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં એક નંબરની બુકમાં અનુક્રમ નંબરઃ ૮૯૧૩ તા.

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

૦૧/૧૧/૨૦૧૨ થી નોંધાયેલો.જે અંગેની નોંધ મોજે ગામ ઉંભેળ, તા. કામરેજ, જી. સુરતના હક્કપત્રક ગામ નમુના નંબર ૬ માં નોંધ નંબર ૫૫૮૬, ૫૫૮૭ તારીખ : ૦૨/૦૨/૨૦૧૩ ના રોજ નોંધાયેલી. જે નોંધ તારીખ ૧૪/૦૫/૨૦૧૩ ના રોજ પ્રમાણિત થયેલી.

ત્યારબાદ મજકુર જમીનનાં માલીક મે. રાધે લેન્ડ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી પાસેથી મજકુર જમીન અમો બીજા પક્ષના ચાને મે. સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીએ વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ તાલુકો કામરેજના મહે. સબ રજી. સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૩૯૬૭ તારીખ : ૨૯/૦૩/૨૦૧૪ નાં રોજ નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંધ ગામના નમુના નંબર : ૬ હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૫૭૭૩ થી તારીખ : ૨૮/૧૧/૨૦૧૪ નાં રોજ કરવામાં આવેલ છે. જે એન્ટ્રીને તારીખ : ૦૬/૦૨/૨૦૧૫ નાં રોજ પ્રમાણિત કરવામાં આવેલ. એ રીતેથી સદરહું જમીનના માલીક, મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર મે. સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢી થયેલ.

આમ સદરહુ જમીનના સંપૂર્ણ માલિક, મુખત્યાર, કબજેદાર, કોઇના કોઇપણ જાતના રોકટોક વગર અમો બીજા પક્ષના ચાલી આવેલ છીએ. તેમજ સદરહુ જમીનના ટાઇટલ હમો બીજા પક્ષના થકી તદ્દન ચોખ્ખા અને માર્કેટેબલ છે.

મજકુર બ્લોક નંબર વાળી જમીન ઉપર અમો બીજા પક્ષના ચાને મે. સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીએ મંજુર થયેલ પ્લાન મુજબ **"શરણમ રેસીડેન્સી"** ના નામથી ઓળખાતી ઇમારતનુ બાંધકામ કરેલ.

આમ ઉપરોકત હકીકતે અમો બીજા પક્ષના મજકુર જમીન તથા તેમા ચાલી આવેલ બાંધકામોના સ્વતંત્ર અને સંપુર્ણ માલિક, મુખત્યાર, કબજેદાર અને વહીવટદાર બનેલાં છીએ અને તેની હરકોઇ રીતની વ્યવસ્થા, વહીવટ કરવાનો અમો બીજા પક્ષનાને સંપુર્ણ હકક અને અધિકાર છે અને તેવા હકક અને અધિકારની રૂએ નીચે પરિશિષ્ટમાં જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત અમો બીજા પક્ષનાએ આ વેચાણ દસ્તાવેજથી તમો પહેલા પક્ષનાને કિંમતી અવેજના બદલામાં વેચાણ આપેલ છે સહી.

સદરહું મિલકતનો વેચાણ અવેજ આપણે પક્ષકારો વચ્ચે ***રૂા.*** ________/- ***અંકે રૂપિયા*** ________ ***પુરા*** નકકી કરવામાં આવેલ છે જે વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષનાને નીચેની વિગતે ચુકતે

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

ચુકવી આપેલ છે.

:: અવેજની વિગત ::

ક્રમ	બેંકનુ નામ	ચેક નંબર	તારીખ	રકમ રૂા.
૧				
૨				

આમ ઉપર જણાવેલ વિગતે વેચાણ અવેજની પુરેપુરી રકમ તમો પહેલા પક્ષના તરફથી અમો બીજા પક્ષનાને મળી ચુકી છે. અને તે રકમ મળ્યાં બદલની આથી પાકી પહોંચ યાને રસીદ સ્વીકારીએ છીએ. અને ભવિષ્યમાં વેચાણ અવેજ નહી મળ્યાંની કે ઓછો મળ્યાં બાબતેની કોઇ તકરાર અમો બીજા પક્ષનાએ કે બીજા પક્ષનાના વખતો વખતના ભાગીદારોએ કરવા-કરાવવાની નથી અને જો કરીએ-કરાવીએ તો તે આથી રદબાતલ થાય સહી.

આ વેચાણ દસ્તાવેજથી તમો પહેલા પક્ષનાને ફક્ત પરિશિષ્ટમાં જણાવેલ વિગત અને વર્ણનવાળી મિલકત જ વેચાણ આપેલ છે તે સિવાયનો કોઇ ભાગ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ નથી. જેથી ભવિષ્યમાં તમો પહેલા પક્ષનાએ અમો બીજા પક્ષના સામે વેચાણ આપેલ મિલકત સિવાયના વધારાની જગ્યાની કોઇ માંગણી કરવા-કરાવવાની નથી કે તે બાબતે ખોટી તકરાર કરવા-કરાવવાની નથી તેવી સ્પષ્ટ સમજુતી તમો પહેલા પક્ષના સાથે અમો બીજા પક્ષનાએ કરી-કરાવી લીધી છે. ભવિષ્યમાં બાંધકામ અંગે વધારાની પરવાનગી મળે અને એફ.એસ.આઇ. માં વધારો થાય તો અમો વેચાણ આપનારા સદરહું ઇમારતમાં વધારાની પરવાનગી મુજબનુ બાંધકામ અગાસી ઉપર તથા સદરહું ઇમારતમાં અન્ય જગ્યાએ પરવાનગી મુજબ બાંધકામ કરી શકીશુ સહી. અને તેની માલીકી અમો બીજા પક્ષનાની રહેશે સહી. અને તે બાંધકામ અમો બીજા પક્ષના અમારી મરજી મુજબ વેચાણ, બક્ષીસ, ગીરો કરી શકીશુ સહી. અને તેમા પહેલા પક્ષના એ કે તેમના વંશ, વાલી, વારસો, ટ્રાન્સફરીઓ, એસાઇની, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે હરકત, અંતરાય, અટકાયત, વાંધા, વિરોધ કરી શકશે નહી અને કરે-કરાવે તો આ વેચાણ દસ્તાવેજથી રદબાતલ થાય સહી, અને તે એફ.એસ.આઇ મુજબ નવા ખરીદનારાઓને પણ સદરહું બહુમાળી ઇમારતના અન્ય તમામ કોમન રાઇટસ, ફેસીલીટી અન્ય ફલેટ હોલ્ડરો સાથે રાસુકી હક્કે વાપરી શકશે સહી અને તેમા

કોઇપણ પ્રકારની તર-તકરાર તમો પહેલા પક્ષનાએ હસ્તે પરહસ્તે કરવા કરાવવાની નથી.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત સહીતની સમગ્ર જમીન તદ્દન નકરજી, નબોજી, નજોખમી અને ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલવાળી છે, વળી મજકુર ફ્લેટવાળી મિલકત યા સમગ્ર જમીન અમો બીજા પક્ષનાએ આ અગાઉ અન્ય કોઇ ત્રાહિતને વેચાણ, બક્ષીસ કે ગીરોમાં લખી આપેલ નથી કે કોઇની સાથે લેખિત યા મૌખિક કરારો કરેલા નથી કે સદરહુ મિલકત યા તળની સમગ્ર જમીન કોઇપણ કોર્ટના કોઇપણ પ્રકરણોમાં સંડોવાયેલ નથી કે તેના ઉપર કોઇપણ બેંક, સંસ્થા, ખાનગી પેઢી યા સરકારી, અર્ધસરકારી સંસ્થાનુ કોઇપણ જાતનું લેણુ બાકી નથી કે કોઇને બોજામાં લખી આપેલ નથી કે ઇન્કમટેક્ષ, સેલ્સટેક્ષ, વેલ્થ ટેક્ષ વિગેરેના કોઇપણ જાતના લેણા બાકી નથી. આમ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ ફ્લેટવાળી મિલકત તથા સમગ્ર જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઇટલવાળી છે અને તેના ટાઇટલો અમો બીજા પક્ષનાથી જ સંપુર્ણ થાય છે. તેમ છતાં ભવિષ્યમાં સદરહુ ફ્લેટવાળી મિલકત યા તળની જમીન બાબતે કોઇપણ વ્યકિત, શખ્સ યા અન્ય કોઇ હક્કદાવા, તર-તકરાર કરતા આવે તો તેનો નિકાલ કરવાની તથા મિલકતના ટાઇટલો ચોખ્ખા અને માર્કેટેબલ કરી-કરાવી આપવાની સંપુર્ણ જવાબદારી બીજા પક્ષનાની રહેશે સહી.

આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરીશીષ્ટમાં દર્શાવેલ ફ્લેટ અમો બીજા પક્ષનાના માલીકીપણાં અને કબજા ભોગવટામાંથી કાઢી લઇને શાંત, ખાલી પ્રત્યક્ષ કબજો અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને સુપ્રત કરી દીધેલ છે તે બદલની આથી પાકી રસીદ અમો બીજા પક્ષના, તમો પહેલા પક્ષનાને લખી આપીએ છીએ સહી અને તમો પહેલા પક્ષનાએ મજકુર મિલકત અમો બીજા પક્ષના પાસેથી સ્થળ ઉપર શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજો સ્વીકાર્યા બદલની આથી પાકી પહોંચ લખી આપો છો સહી, અને એ રીતે હવેથી મજકુર મિલકત ઉપર અમો બીજા પક્ષનાના કોઇ રાઇટ્સ, ઇન્ટરેસ્ટ કે કબજો ભોગવટો કે માલીકીપણું, વહીવટકર્તા રહ્યા નથી કે રાખ્યા નથી સહી.

આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરીશીષ્ટમાં દર્શાવેલ ફ્લેટના તમો પહેલા પક્ષના એકલા, સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, મુખત્યાર, કબજેદાર, અને વહીવટદાર બન્યાં હોય તેવા હક્કની રૂએ મજકુર મિલકત માલીકી

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

હક્કે ઉપયોગ, ઉપભોગ, વહીવટ કરવા-કરાવવા, જાતે વસો-વસાવવા તેમજ મજકુર મિલકત વેચાણ, ગીરો, બક્ષીસ કે ભાડેથી યા હરકોઇ રીતે તબદીલીના દસ્તાવેજથી તબદીલ કરવા તેમજ મજકુર મિલકત ઉપર લોન મેળવવા અને તે અંગેના દસ્તાવેજ કરી આપવા તેમજ ટ્રસ્ટ કરવા તથા સેટલમેન્ટ કરવા તથા અદલા-બદલી કરવા અથવા લાયસન્સથી આપવા અથવા આવક-આમદની ઉપજાવવા પણ હક્કદાર થયા છો સહી અને તેમાં બીજા પક્ષનાએ કે હમારા વંશાવાલી, વારસોએ, કોઇપણ જાતની તર-તકરાર કરવી-કરાવવાની નથી અને કરીએ તો તે આ લેખથી રદબાતલ થાય સહી.

આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરીશીષ્ટમાં દર્શાવેલ મિલકતના સરકારી, અર્ધસરકારી, સુરત મહાનગરપાલીકાના તેમજ ઇલેક્ટ્રીસીટી કંપની વિગેરેનાં ટેક્ષ, બીલ, ચાર્જીસ વિગેરેના નાણાં તથા એપાર્ટમેન્ટ્સના મેઇન્ટેન્સ વિગેરેનાં નાણાં માલીક, કબજેદાર, વહીવટકર્તા, તરીકે તમો પહેલા પક્ષનાએ ભરપાઇ કરવાના રહેશે સહી.

આ વેચાણ દસ્તાવેજના લેખથી વેચાણ આપેલ નીચે પરીશીષ્ટમાં દર્શાવેલ મિલકત સરકારી, અર્ધસરકારી, ગ્રામ પંચાયત દફ્તરે, ઇલેક્ટ્રીક કંપનીના દફ્તરે વિગેરેમાંથી અમો બીજા પક્ષનાનું નામ કમી કરી-કરાવી તમો પહેલા પક્ષના તમારા નામે માલીક, મુખત્યાર, કબજેદાર તરીકે દાખલ કરી-કરાવવા હક્કદાર થયા છો સહી અને તે માટે જોઇતી જરૂરી તમામ સહી, સંમતિ, કબુલાત, હાજરી વિગેરે અમો બીજા પઅક્ષનાએ તમો પહેલા પક્ષનાને આપવાના રહેશે સહી. વિકલ્પે આ વેચાણ દસ્તાવેજી પણ અમારી તેવી સહી-સંમતિ, કબુલાત, હાજરી વિગેરે ગણી તમો પહેલા પક્ષના સદરહુ મિલકત તમારા નામે દાખલ કરી-કરાવી શકો સહી.

સદરહુ મિલકત જે એપાર્ટમેન્ટમાં આવેલી છે તેમાં આવેલ કોમન ફેસીલીટી યાને રાસુકી સગવડો જેવી કે કોમન લાઇટ, પાર્કીગ, લીફ્ટ, સી.ઓ.પી., દાદર, પેસેજ, ઓવર હેડ પાણીની ટાંકી, ડ્રેનેજ વિગેરેનો ઉપયોગ તમો વેચાણ રાખનારએ અન્ય સભ્યો સાથે રાસુકો કરવાનો છે અને રહેશે સહી અને તે અંગે આવતા મેઇનટેનન્સ ચાર્જ પણ તમો પહેલા પક્ષનાએ અન્ય સભ્યો સાથે રાસુકો ભરપાઇ કરવાનો રહેશે સહી.

સદરહું તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત જે જમીન ઉપર બાંધવામાં આવેલ છે તે જમીનમાં અન્ય ફ્લેટ હોલ્ડરોનો પણ સહીયારો વગર

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

વહેંચાયેલ અવિભાજ્ય હિસ્સો ચાલી આવેલ છે જેથી ભવિષ્યમાં તમો પહેલા પક્ષનાએ સદર વગર વહેંચાયેલા હીસ્સા બાબતેની કોઇ તકરાર કરવા-કરાવવાની નથી.

સદરહુ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત એ "શરણમ રેસીડન્સી" નામની ઇમારતનો એક ભાગ છે. અને તમો પહેલા પક્ષનાએ મજકુર ઇમારતના નામમાં કોઇપણ જાતનો ફેરફાર કરવા-કરાવવાનો નથી કે ઇમારતના બાહય એલીવેશનમાં કોઇપણ જાતનો ફેરફાર થાય તેવા કોઇ કૃત્યો કરવા કરવવાના નથી. સદરહુ બિલ્ડીંગના આર.સી.સી. સ્ટ્રકચર જેવા કે બીમ, કોલમ, સ્લેબ, કે તેના અન્ય ભાગને પહેલા પક્ષનાએ કાંઇપણ નુકશાન કરવાનું નથી. તમોને વેચાણ આપેલી મિલકતમાં આર.સી.સી. સ્ટ્રકચરને અસર થાય કે નુકશાન થાય તે મુજબના કોઇ ફેરફાર કે તોડફોડના કૃત્યો કરવા કરાવવાના નથી. તેમ છતાં તમો પહેલા પક્ષના તે વિરૂધ્ધ વર્તન કરો અને તેને કારણે બિલ્ડીંગને કાંઇ નુકશાન થાય તો તે અંગેની સઘળી જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે તેમજ તમારા તેવા કોઇ કૃત્યોના કારણે સદરહું બિલ્ડીંગને જે કાંઇ નુકશાન થાય તે તમો પહેલા પક્ષનાએ તમારા પોતાના ખર્ચે દુરસ્ત કરાવી મજકુર મિલકત અસલ જેવી મજબુત સ્થિતીમાં મુકી આપવાની રહેશે.

તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત એક ઇમારતનો ભાગ છે અને તેમાં અન્ય હોલ્ડરો પણ સભ્ય તરીકે ચાલી આવેલા છે જેથી ભવિષ્યમાં તમામ હોલ્ડરો ભેગા મળીને સર્વિસ સોસાયટી યા એસોસીએશનની નિમણુંક કરે તો તેવા એસોસીએશનમાં યા સર્વિસ સોસાયટીમાં તમો પહેલા પક્ષનાએ પણ ફરજીયાત સભ્ય થવાનું રહેશે અને તેના દરેક નિતિ-નિયમોનું પાલન તમો પહેલા પક્ષનાએ અન્ય હોલ્ડરો સાથે કરવા-કરાવવાનું રહેશે સહી.

સદરહું મિલકત અંગેના ટાઇટલ ડીડસ, પ્લાન, એરીયા માપ અંગેની સંપુર્ણ જાણકારી બીજા પક્ષના દ્રારા આપવામાં આવેલ છે અને તે અંગેની સંપુર્ણ જાણકારી તમો પહેલા પક્ષનાએ યાને ખરીદનારે મેળવી લીધી તથા ખાતરી કરી લીધી છે. જેથી આ બાબતે ભવિષ્યમાં કોઇપણ જાતની તર-તકરાર પહેલા પક્ષનાએ બીજા પક્ષના સામે કરવા-કરાવવાની નથી અને જો કરવા-કરાવવામાં આવે તો તે આથી રદબાતલ થાય સહી.

અમો વેચાણ આપનારે યાને બીજા પક્ષનાએ સદરહુ મિલકતમાં નક્કી થયા

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

મુજબ બાંધકામ કરી સદરહુ મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપ્રત કરેલ છે. સદરહું મિલકત તમો પહેલા પક્ષનાએ જોઇ તપાસીને મિલકતનો કબજો સ્વીકારેલ છે અને સદરહુ મિલકતની સ્થળ, સ્થિતી અને બાંધકામની ગુણવત્તા તપાસી લીધી છે. તેમજ મજકુર બાંધકામ અને તેવી સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપુર્ણ સંતોષ થયેલ છે. અને તે બાબતે તથા અન્ય તમામ બાબતે તમો પ્રથમ પક્ષનાને કોઇપણ પ્રકારની ફરીયાદ કે તર-તકરાર નથી. તેમજ હવે પછી ભવિષ્યમાં પણ તમો પ્રથમ પક્ષનાએ તે બાબતે કોઇ ફરીયાદ કે તકરાર કરવા-કરાવવાની નથી. તેમજ તમોને વેચાણ આપેલ મિલકતમાં કોઇપણ પ્રકારનું પાણી લીકેજ થતું નથી જે અંગેની તમોએ ખાતરી કરીને મિલકતનો કબજો સંભાળેલ છે તેથી ભવિષ્યમાં જો પાણી લીકેજનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગે તમોએ તથા એપાર્ટમેન્ટના અન્ય સભ્યોએ સાથે મળીને રીપેરીંગ કરાવવાનું રહેશે. આ અંગે હવેથી અમો વેચાણ આપનારની કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી. તેની આ દસ્તાવેજથી તમો પ્રથમ પક્ષનાએ ખાત્રી આપેલ છે.

સદરહુ મિલકતનો ઉપયોગ તમોએ ફક્ત રહેઠાણ માટે જ કરવાનો છે અને તે સિવાય અન્ય કોઇપણ પ્રકારનો ઉપયોગ કરવા-કરાવવાનો નથી. આ ઉપરાંત કોઇપણ સભ્યએ કોઇપણ જ્ઞાતિ, નાત-જાત કે ધર્મનાં ભેદભાવ રાખવાનાં નથી.

સદરહુ મિલકત તળેની જમીન અંગે તમોને બતાવવામાં આવેલ પાર્સીંગ પ્લાનમાં જે રોડ-રસ્તાની જગ્યા બતાવવામાં આવેલ છે તેમાં તમોએ કોઇપણ પ્રકારનું બાંધકામ કરવા-કરાવવાનું નથી. સદરહુ રોડ-રસ્તાની જગ્યાનો વપરાશ ફક્ત આવવા-જવાના હક્કો માટે, વીજળી કનેકશન માટે, ડ્રેનેજ લાઇન માટે, અન્ય ફ્લેટ હોલ્ડર્સ સાથે સહીયારો કરવાનો રહેશે.

સદરહુ મિલકત જે બીલ્ડીંગમાં આવેલ છે તે બિલ્ડીંગમાં આવેલ તમો પ્રથમ પક્ષનાને વેચાણ આપેલ ફ્લેટ તથા તેના વિવિધ રૂમો, ટોઇલેટ તથા બાલ્કની સાથે બનાવી આપેલ છે અને તે તમામની જાળવણી તમોએ કરવાની રહેશે તે ઉપરાંત "શરણમ રેસીડન્સી" પ્રોજેક્ટની અન્ય સહીયારી સગવડતાઓ જેવી કે મેઇન એન્ટ્રી ગેટ તથા કમ્પાઉન્ડ વોલ, કોમન લાઇટો, પાર્કીંગ, દાદર, સી.ઓ.પી., પેસેજ, લીફ્ટ તથા ઓવર હેડ પાણીની ટાંકી વિગેરે અમો વેચાણ આપનારે તૈયાર કરી આપેલ છે તે તમામની વપરાશ તથા તેની જાળવણી તેમજ "શરણમ રેસીડન્સી" પ્રોજેક્ટની ઉપરોક્ત તમામ કોમન ફેસીલીટીઝનાં મેઇનટેનન્સ, રીપેરીંગ ખર્ચ, વિજળી વપરાશનાં

બીલો, રોડ-રસ્તા તથા કોમન જગ્યાની સાફ-સફાઇ ખર્ચ, બિલ્ડીંગને લગતા કોમન વેરા, વિગેરે તમામ ખર્ચાઓ, ચાર્જીસ ખર્ચ વિગેરે તમોએ તથા ''શરણમ રેસીડન્સી'' પ્રોજેક્ટનાં અન્ય સભ્યો, કબજેદારો તથા માલીકોએ ફાળે પડતો ચુકવવાનો/ ભોગવવાનો રહેશે સહી.

આજદિન બાદ કુદરતી આપત્તીઓ જેવી કે ધરતીકંપ, વરસાદના પુર, આગ, વાવાઝોડું તથા માનવ સર્જીત આપત્તીઓ જેવી કે રમખાણો, તોફાનો વિગેરેના કારણે બાંધકામને નુકસાન થાય તો તેની સંપુર્ણ જવાબદારી જે તે ફ્લેટ હોલ્ડરોની રહેશે તથા તે અંગેની અમો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ રીતે કોઇપણ પ્રકારની આર્થીક, ટેકનીકલ કે કાયદાકીય જવાબદારી રહેશે નહી તેમજ ગણાશે નહી.

સદરહુ મિલકતની સ્થળ-સ્થિતિ, વિસ્તાર, ક્ષેત્રફળ વિગેરેને ધ્યાને લઇ આ વેચાણ દસ્તાવેજનો અવેજ ***રૂા.***________***/-*** પુરા નક્કી કરી જેના ઉપર ***રૂા.***________***/-*** નો જનરલ સ્ટામ્પ પેપર વાપરવામાં આવેલ છે અને દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવા કે સ્ટામ્પ ખર્ચ, રજીસ્ટ્રેશન ફી, વકીલ ફી, ટાઇપીંગ ચાર્જ વિગેરે તમો પહેલા પક્ષના વેચાણ રાખનારે ભોગવેલ છે. જેમાં બીજા પક્ષનાની કોઇ જવાબદારી રાખવામાં આવી નથી.

=:= શીડયુલ =:=

વેચાણ આપેલ ફ્લેટવાળી મિલકતની વિગત

સુરત ડીસ્ટ્રીક્ટ, કામરેજ સબ ડીસ્ટ્રીક્ટ મોજે ગામ ઉંભેળના રે.સ.નં.૪૬૧/૧, જેને એકત્રીકરણના કાયદા અન્વયે બ્લોક નંબર : ૫૯૯ થી નોંધાયેલી સુમારે હે.૦-૫૧ આરે-૧૩ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી રહેણાંકના હેતુ મોટેની બિનખેતીની જમીન તથા મોજે ગામ ઉંભેળના બ્લોક નંબર : ૫૯૮/બ થી નોંધાયેલી સુમારે હે.૦-૦૬ આરે-૦૭ સ.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બીનખેતીની જમીન મળી કુલ્લે સુમારે ૫૭૨૦.૦૦ ચો.મી. યાને ૬૮૪૧.૧૨ ચો. વાર રહેણાંકના હેતુ માટે બીનખેતીની જમીન માં બાંધવામાં આવેલ ***" શરણમ રેસીડન્સી "*** નામથી ઓળખાતી ઇમારતમાં " ___ " બિલ્ડીંગમાં ___ ***માળે*** આવેલ ***ફ્લેટ નંબર :*** ______ જેનુ બિલ્ટઅપ એરીયા મુજબનુ ક્ષેત્રફળ ______ ***ચો.મી.*** છે તે ફ્લેટ તથા તેને લાગુ તમામ હક્કો સહીતની કુલ્લે દરોબસ્ત...

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ અમો બીજા પક્ષનાએ વાંચી-વંચાવી, સમજી-વિચારીને, કોઇના કોઇપણ જાતના દાબ-દબાણ વિના, તન અને મનની સંપુર્ણ સાવધ અવસ્થામાં બિન કેફ હાલતમાં કરી આપેલ છે. જે અમો બીજા પક્ષનાને તથા અમારા વંશવાલી, વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે સહી.

અત્રે.................................મતુ   તત્રે..............................શાખ

....

(મે. સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામની
ભાગીદારી પેઢીના વ.ક. ભાગીદાર
શ્રી ભરતભાઇ દુર્લભભાઈ ડાયાણી)   ....

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

(૧૫)

મિલકતનો ફોટો

પોસ્ટલ એડ્રેસ : , શરણમ રેસીડન્સી, મુ.ઉંભેળ, તા.કામરેજ, જી.સુરત

ખરીદનારની સહી : ____________________

વેચનારની સહી : ____________________

(મે.સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીના વ.ક. ભાગીદાર શ્રી ભરતભાઇ દુર્લભભાઇ ડાયાણી)

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

(૧૬)

મિલકતનો ફોટો

પોસ્ટલ એડ્રેસ : , શરણમ રેસીડન્સી, મુ.ઉંભેળ, તા.કામરેજ, જી.સુરત

ખરીદનારની સહી : ____________________

વેચનારની સહી : ____________________

(મે.સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીના વ.ક. ભાગીદાર શ્રી ભરતભાઇ દુર્લભભાઇ ડાયાણી)

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		

વેચનાર તથા ખરીદનાર સહી, ફોટો તથા ડાબા હાથના અંગુઠાનું નિશાન

બીજા પક્ષનાની સહી	ફોટો	અંગુઠાનું નિશાન
(મે. સિધ્ધી વિનાયક એન્ટરપ્રાઇઝ નામની ભાગીદારી પેઢીના વ.ક. ભાગીદાર શ્રી ભરતભાઇ દુર્લભભાઇ ડાયાણી)		

પહેલા પક્ષનાની સહી	ફોટો	અંગુઠાનું નિશાન
(શ્રી)		

દસ્તાવેજનો પ્રકાર	બ્લોક નંબર	ટી.પી. નંબર	ફા. પ્લોટ નંબર	ગામ	ફ્લેટ નંબર	ક્ષેત્રફળ. ચો.મી.
વેચાણ	૫૯૯/૫૯૮-બ			ઉંભેળ		